# ભ્રષ્ટાચાર-કાળાનાણા સામે જંગ ખેલાશે : રામદેવ

નવી દિલ્હી,તા.૩

કાળાનાણા અને ભ્રષ્ટાચાર સામે સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારે તેમજ યોગ ગુરુ બાબા રામદેવે નવી લડાઈ છેડી દીધી છે. યૂપીએ સરકાર ઉપર દબાણ લાવવાની રણનીતિના ભાગરૂપે આજે જંતરમંતરનની નજીક સંસદ માર્ગ પર રામદેવના આંદોલનમાં અણ્ણા હજારે પોતાની ટીમ સાથે ઉપસ્થિત થયા હતા. બંને પક્ષોએ આ પ્રસંગે ફરી એકવાર વડાપ્રધાન મનમોહન સિંહ પર આકરા પ્રહારો કર્યો હતા. બંને ટીમોમાં મતભેદની સ્થિતિ છે તેવા અહેવાલોને રદિયો આપતા ભ્રષ્ટાચાર સામેની લડાઈમા એકતા દર્શાવીને રામદેવ અને ટીમ અણ્ણાએ કહ્યુ હતુ કે આગળની લડાઈ સાથે મળીને લડવામા આવશે. રામદેવે કહ્યુ હતુ કે આરપારની લડાઈ લડવામા આવશે. આજથી નવેસરથી લડાઈ છેડી દેવામા આવી છે. જે ૧૪મી નવેમ્બર ૨૦૧૦નાા દિવસે જંતરમંતર પર સંયુક્ત આંદોલનની સાથે શરૂ થઈ હતી. એજ દિવસે રામદેવની સાથે અણ્ણા હજારે કિરણ બેદી, અરવિંદ કેજરીવાલ અને પ્રસાંત ભૂષણ રહ્યા હતા. આ સભ્યોએ કોમનવેલ્થ ગેમ્સના આયોજમાં ભ્રષ્ટાચારનો વિરોધ કર્યો હતો. રામદેવે કહ્યુ હતુ કે લોકપાલ પર અણ્ણાને બદનામ કરવાના પ્રયાસ થયા છે. કાળાનાણા સામે તેમના અભિયાને પણ રોકવાના પ્રયાસ થઈ ચુક્યા છે. રામદેવે ઉમેર્યુ હતુ કે આગળની લડાઈ સાથે મળીને લડવામા આવશે. વડાપ્રધાન પર પ્રહાર કરતા



રામદેવે કહ્યુ હતુ કે તેમની વ્યક્તિગત ઈમાનદારીનુ તમામ લોકો સન્માન કરે છે. પરંતુ તેઓ લોકશાહી અને રાજકીય હોદ્દા પર બેઠેલા છે. લોકો તેમનાથી રાજકીય ઈમાનદારીની અપેક્ષા રાખે છે.

અત્રે ઉલ્લેખનયી છે કે થોડાક દિવસ પહેલા ટીમ અણ્ણા અને રામદેવ વચ્ચે કેટલાક મતભેદો સપાટી પર આવ્યા હતા. આજે રામદેવના આંદોલનના મંચ પર સુભાષ ચંદ્ર બોસ, શિવાજી, રામપ્રસાદ બિસ્મિલ, સરદાર પટેલ, ડૉ. ભીમરાવ આંબેડકર અને અન્ય મહાન હસ્તીઓના ફોટા પણ મુકવામા આવ્યા હતા. જંતરમંતર પર અનશન શરૂ કરતા પહેલા રાજઘાટ ઉપર શ્રદ્ધાંજલિ આપવામા આવી હતી. આજના અનશનની સાથે ફરી એકવાર ભ્રષ્ટાચાર સામે જંગની શરૂઆત થઈ છે.

## પેટ્રોલ કિંમતમાં વધુ ૯૨ પૈસાનો હવે ઘટાડો થશે

નવી દિલ્હી,તા.૩

ફ્યુઅલ રિટેલર્સે રાજ્યોના ટેક્સ સિવાય પેટ્રોલની કિંમતમાં લિટરદીઠ રૂપિયા ૧.૬૮નો ઘટાડો શનિવારના દિવસે કરી દીધા બાદ હવે પેટ્રોલની કિંમતમાં ઘટાડાનો વધુ એક રાઉન્ડ આગામી સપ્તાહમા હાથ ધરવામા આવે તેવી શક્યતા છે. આગામી સપ્તાહમા ફ્યુઅલ રિટેલર્સ પેટ્રોલની કિંમતમાં ૯૨ પૈસાનો ઘટાડો કરી શકે છે. વેટમાં ઘટાડાના સંબંધમા સ્થાનિક સરકારોને વારંવાર સુચના આપવામા આવી રહી છે. કેટલીક રાજ્ય સરકારો જુદા જુદા ટેક્સના રેટના કારણે ખચકાટ અનુભવ કરી રહી છે. ૩૧મી મેના દિવસે રાષ્ટ્ર વ્યાપી બંધની હાકલ કરવામા આવી હતી.ભાજપ અને અન્ય પક્ષ દ્વારા બંધની હાકલ કરાઈ હતી. ૨૪મી મેના દિવસે પેટ્રોલની કિંમતમા કમરતોડ વધારો ઝીંકવામા આવ્યો હતો. ટેકસ સિવાય ફ્યુઅલ રિટેલેં લિટરદીઠ ૬.૨૮ રૂપિયાનો વધારો ઝીંકયો હતો. મેના પ્રથમ પખવાડિયામાં આંતરરાષ્ટ્રીય તેલની કિંમતમા વધારા અને રૂપિયામા કડાકાના કારણો આપીને પેટ્રોલની કિંમતમા આશરે ૧૧ ટકાનો વધારો કરવામા આવ્યો હતો. પહેલી જૂનથી કાપ અમલી બનાવી દેવામા આવ્યો છે. આગામી સપ્તાહમા વધુ એક વખત ઘટાડો થઈ શકે છે. મળતી માહિતી મુજબ ઓઈલ કંપનીઓ આગામી સપ્તાહમા કિંમતમો ઘટાડાવા માટે કમર કસી ચુકી છે. ૨૪મી મે બાદથી ગેસોલીનની કિંમત મેના બીજા પખવાડિયામા ઘટીને બેરલદીઠ ૧૧૫.૭૭ ડોલર થઈ ગઈ છે. જે પ્રથમ પખવાડિયામાં ૧૨૪.૩૭ ડોલર હતી. ક્રુડની કિંમત પણ અગાઉના પખવાડિયામાં ૧૧૬ ડોલરની સરખામણીમાં બીજા પખવાડિયામા ઘટીને બેરલદીઠ ૧૦૬ ડોલર થઈ ગઈ હતી. જો ગેસલીન અને ક્રુડની કિંમતમા વધુ ઘટાડો થશે તો પેટ્રોલિયમ કંપનીઓ વધુ ઘટાડો કરીને લોકોને રાહત આપશે. એવા સંકેત મળી રહ્યા છે કે રાજ્ય સરકારોની ગણતરીને પણ ધ્યાનમા લેવામા આવી રહી છે. ઘટાડો કરવામા આવ્યા બાદ સ્થિતિ સુધરી રહી છે.

## ગેરકાયદે સંપત્તિ કેસના સંબંધમાં સીબીઆઈએ જગનમોહન રેડ્ડીની કરેલી આકરી પૂછપરછ

હૈદરાબાદ,તા.૩

ગેરકાયદે સંપત્તિ કેસના સંબંધમાં સીબીઆઈએ આજે જેલમાં રહેલા વાયએસઆર કોંગ્રેસ પાર્ટીના નેતા વાયએસ જગનમોહન રેડ્ડીની આકરી પૂછપરછ કરી હતી. પાંચ દિવસીય કસ્ટડીના પ્રથમ દિવસે તેમની પૂછપરછ કરવામા આવી હતી. ચંચલ ગુડા સેન્ટ્રલ જેલ નજીકની ઓફિસર્સ મેસમાં જગનમોહનની પૂછપરછ કરવામા આવી હતી. જગનમોહન ૨૮મી મેથી ચંચલ ગુડીની સેન્ટ્રલ જેલમાં છે. ડિરેક્ટર જનરલ ઓફ પ્રિઝનની ઓફિસમાં પૂછપરછ કરવામા આવી હતી. કડાપ્પાના સાંસદ સવારે ૧૦.૩૦ વાગે જેલમાંથી બહાર નિકળ્યા હતા. સીબીઆઈના અધિકારીઓ સાથે આગળ વધતા પહેલા જગનમોહને પત્રકારોનો આભાર જિલ્યો હતો. જગનમોહન બિલકુલ સ્વસ્થ્ય અને ફીટ દેખાઈ રહ્યા હતા. લંચ બ્રેક દરમ્યાન તેમના પત્ની ભારતી તેમને મળવા માટે પહોંચ્યા હતા. ડિરેક્ટર જનરલ ઓફ પોલીસની ઓફિસની



આસપાસ ભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામા આવી હતી. સીબીઆઈએ અગાઉ સુરક્ષાના આધાર ઉપર રાજભવન રોડ પર દિલખુશ ગેસ્ટ હાઉસ ખાતે કેમ્પ ઓફિસમાં અથવા તો કોટીમા તેની ઓફિસમા જગનમોહનની પૂછપરછ કરવાની યોજના પડતી મુકી દીધી હતી. આ બંને ઓફિસ વ્યસ્ત વિસ્તારમા હોવાના કારણે પડતી મુકાઈ હતી. લોકોને તકલીફ ન પડે તે હેતુસર આ નિર્ણય લેવાયો હતો. સીબીઆઈએ અગાઉ ત્રણ દિવસ સુધી જગનમોહનની પૂછપરછ કરી હતી ત્યારે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આંધ્ર પ્રદેશ હાઈકોર્ટે ગઈકાલે ત્રીજી જૂનથી સાતમી જૂન દરમ્યાન સીબીઆઈની કસ્ટડીમાં જગનમોહનને લેવાનો આદેશ કર્યો હતો. સીબીઆઈને કેટલાક આદેશો આ સંબંધમા આપવામા આવ્યા હતા. સવારે ૧૦.૩૦ વાગ્યેથી સાંજે ૫.૦૦ વાગ્યે દરમ્યાન પૂછપરછ કરવાનો આદેશ અપાયો હતો. પૂછપરછ દરમ્યાન બે વકીલો પણ ઉપસ્થિત રહેશે. સીબીઆઈએ ૨૭મી મેના દિવસે તેમની ધરપકડ કરતા પહેલા ત્રણ દિવસ સુધી જગનમોહનની પૂછપરછ કરી હતી. જોઈન્ટ ડિરેક્ટરના નેતૃત્વમાં સીબીઆઈ અધિકારીઓની ટીમ વિદેશમા સ્થિત કેટલીક કંપનીઓ સહિત જુદી જુદી કંપનીઓ દ્વારા તેમની કંપનીમાં કરવામા આવેલા રોકાણ અંગે જગનમોહનને પ્રશ્નો કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે જગનમોહનની સંપત્તિના મામલાને લઈને એકપછી એક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. સીબીઆઈએ તેમની સામે સંકજો મજબૂત કરી દીધો છે. આગામી દિવસો પણ જગનમોહન માટે ખુબ જ પડકાર રૂપ રહેશે.

## ચીનના સંરક્ષણ ખર્ચમાં વધારાથી ભારત ચિંતિત

નવી દિલ્હી,તા.૩

ચીન સરકારે પોતાની સેના પર ખર્ચમાં જંગી વધારો કર્યો છે. આ બાબાત ચિંતાજનક છે. સંરક્ષણ પ્રધાન એકે એન્ટોનીએ ચિંતા વ્યક્ત કરતા ક્હયુ હતુ કે ભારત પરિસ્થિતિ ઉપર નજર રાખી રહ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચીને તેના સંરક્ષણ બજેટમાં આ વર્ષે ૧૧ ટકાનો વધારો કર્યો છે. આની સાથે જ તેનુ સંરક્ષણ બજેટ વધીને ૧૦૬ અબજ ડોલર થઈ ગયુ છે. સિંગાપુરમાં એક સુરક્ષા મંચ ઉપર ભારતના સંરક્ષણ મંત્રી એન્ટોનીએ કહ્યુ હતુ કે ચીને પોતાની સંરક્ષણ ક્ષમતાને વધારી છે. સાથે સાથે ચીન સેના પર વધારે ખર્ચ પણ કરી રહ્યુ છે. ભારત આને લઈને ચિંતિત છે. એન્ટોનીએ કહ્યુ છે કે અમે કોઈપણ પ્રકારની હથિયારોની સ્પર્ધામાં વિશ્વાસ રાખતા નથી પરંતુ પોતાની રીતે દેશના હિતમાં તમામ સરહદો પર પોતાની સૈનિક ક્ષમતાને વધારી રહ્યા છે. ભારત પોતાના પાડોશી દેશો સાથે ખુબ જ મજબૂત સંબંધો ઈચ્છે છે. એન્ટોનીએ ઉમેર્યુ હતુ કે બંને દેશોની સેનાએ પારસ્પરિક સહકારની શરૂઆત કરી દીધી છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે લશ્કરી સ્તરે અગાઉ કરતા વધુ સારા સંબંધો તમામ દેશો સાથે થઈ ગયા છે. પંરતુ તાજેતરના બંને દેશોની નૌકા સેનામાં પણ આવા સંબંધ સ્થાપિત કરવા પ્રયાસ થઈ રહ્યા છે. ભારતની જેમ જ જાપાને પણ ચીનના સંરક્ષણ ખર્ચમાં પારદર્શકતના અભાવ અંગે ચિંતા વ્યકત કરી છે. જાપાનનુ કહેવુ છે કે આ પ્રકારની ગુપ્તા ગંભીર ખતરા ઉભા કરી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચીને તાજેતરના સમયમાં તેની સંરક્ષણ ક્ષમતાને અનેક ગણી વધારી છે. ભારત સાથેની સરહદ ઉપર ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવાના પ્રયાસો કરાયા છે. જેથી ભારત સરકાર ચિંતિત છે. બીજી બાજુ ચીન સરકારે પાકિસ્તાન સાથે પોતાના સંબંધો વધુ મજબૂત કર્યા છે. પાકિસ્તાન સાથેના તેના લશ્કરી સંબંધો ચિંતા ઉપજાવે છે.

## અમરનાથ યાત્રાના શરૂ કરવાના પ્રયાસમાં રહેલા આશરે ૩૦૦ કાર્યકરોની અટકાયત

જમ્મુ,તા.૩

આયોજકો દ્વારા નક્કી કરવામાં આવેલી ૨૫મી જૂનની તારીખને ફગાવી દઈને અમરનાથ યાત્રાના શરૂ કરવના પ્રયાસમાં રહેલા આશરે ૩૦૦ કાર્યકરોની અટકયાત કરી લેવામા આવી હતી. શ્રી અમરનાથ મંદિર બોર્ડે કહ્યુ છે કે ૨૫મી જૂનથી બીજી ઓગસ્ટ દરમ્યાન અમરનાથ યાત્રાનુ આયોજન કરવામા આવ્યુ છે. આ વખતે અમરનાથ યાત્રા કુલ ૩૯ દિવસ સુધી ચાલશે. પરંતુ કેટલાક સગંઠનો ઈચ્છે કે ત્રીજી જૂનથી શરૂ થઈને અમરનાથ યાત્રા ૬૦ દિવસ સુધી ચાલે. જમ્મુમાં એક પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યુ હતુ કે પ્રતિબંધાત્મક આદેશનો ભંગ



કરવા બદલ આ કાર્યકરોની ધરપકડ કરવામા આવી છે. જમ્મુમાં સીઆરપીસીની કલમ ૧૪૪ લાગુ કરવામા આવી છે. જેના ભાગરૂપે પાંચ અથવા તેનાથી વધુ લોકોના એકત્રિત થવા ઉપર પ્રતિબંધ છે. વિશ્વ હિન્દુ પરિષદના જમ્મુ એકમના વડા રમાકાંત દુબેના નેતૃત્વમાં કાર્યકરોએ પોલીસ કોર્ડોન તોડીને દક્ષિણ કાશ્મીરમાં અમરનાથ ગુફા માર્ગ તરફ આગેકૂચ કરી હતી. પોલીસ પગલાની ટીકા કરીને દુબેએ કહ્યુ છે કે રાજ્ય સરકાર અમારા ધાર્મિક અધિકારોની અવગણના કરી રહી છે. બીજી બાજુ શ્રીઅમરનાશ મંદિર બોર્ડના પ્રવક્તાએ કહ્યુ છે કે અમરનાથનુ માર્ગ હાલમાં બરફથી ઢંકાયેલો છે. સરકાર શ્રદ્ધાળુઓના જાનનો જોખમ લેશે નહી. અમરનાથ યાત્રા હાલમા આવી જટિલ સ્થિતિમાં હાથ ધરવી ખતરનાક રહેશે. તેમણે ઉમેર્યુ હતુ કે શ્રી અમરનાથ મંદિર બોર્ડનુ નેતૃત્વ કરી રહેલા અને જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ એનએન વોરા શુક્રવારના દિવસે હાવઈ સર્વેક્ષણ કરી ચુક્યા છે. અને એવુ જાણવા મળ્યુ છે કે અમરનાથ મંદિર તરફ દોડી જતા માર્ગ પર ભારે બરફ હોવાથી હાલમાં યાત્રા ધરવી યોગ્ય નથી. જો કે વિશ્વ હિન્દુ પરિષદ સહિતના કેટલાક સંગઠનો અમરનાથ યાત્રાની અવધીને લંબવાવાની માંગણી કરી રહ્યા છે. આના ભાગરૂપે આજે અમરનાથ યાત્રા શરૂ કરવાના પ્રયાસો કરવામા આવ્યા હતા.

## ઈટાલી યુરો કપમાં ભવ્ય દેખાવ કરવા માટે ઉત્સુક

નવી દિલ્હી,તા. ૩

યુરોપીયન કપ ફૂટબોલની આઠમી જૂનથી રોમાંચક શરૂઆત થવા જઈ રહી છે. પોલેન્ડ અને યુક્રેન દ્વારા આયોજિત યુરો કપમાં સંપૂર્ણપણે તૈયાર છે. ઈટાલીના સ્ટાર ખેલાડી બાલોટેલિને સુપરમારિયો તરીકે ગણવામાં આવે છે. તેની રમત ઉપર મોટાભાગે ઈટાલીની ટીમ આધાર રાખે છે. અટેક ઈન ગેમને વધુ મજબુત કરવા માંગે છે. ૨૯ વર્ષીય કસાનો હાલના સમયનો શ્રેષ્ઠ ખેલાડી છે. જ્યારે ૩૪ વર્ષીય ડી નાટેલ પણ પોતાની ટીમને જીત અપાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી શકે છે. આ વખતે યુરોમાં તમામ નજર બાલોટેનિ પર રહેશે. ઈટાલીની ટીમમાં અન્ય અનેક સ્ટાર ખેલાડીઓ પણ છે જે પોતાની ટીમ માટે શ્રેષ્ઠ સાબિત થવા ઉત્સુક થઈ રહ્યા છે. ઈટાલી વિશ્વકપના ઈતિહાસમાં પણ બ્રાઝિલ બાદ સૌથી સફળ રાષ્ટ્રીય ટીમ છે.



જે ટીમોની મેચ જોવાની ફૂટબોલ ચાહકોને મજા પડી જશે તેવી ટીમમાં ઈટાલીનો પણ સમાવેશ થાય છે. યુરો આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે આ વખતે કોણ બાજી મારશે તેને લઈને ભારે ચર્ચા ફૂટબોલ પ્રેમીઓમાં શરૂ થઈ ચુકી છે. ગ્રુપ સીને સૌથી પડકારરૂપ ગ્રુપ પૈકી એક તરીકે ગણવામાં આવે છે. આ ગ્રુપમાં ઈટાલીની સાથે સ્પેન, ક્રોએશિયા અને રિપબ્લિક ઓફ આયરલેન્ડનો સમાવેશ થાય છે. ઈટાલીની ટીમમાં અનેક સ્ટાર ખેલાડીઓ છે જે છવાઈ જવા માટે બાલોટેલિ હાલમાં શાનદાર ફોર્મમાં ચાલી રહ્યો છે. ઈટાલીની ટીમ તેની પ્રથમ મેચ ૧૦મી જૂનના દિવસે વર્તમાન ચેમ્પિયન સ્પેન સામે રમશે. પ્રથમ જ મેચ ઘાતક રહેશે. યુરોપિયન ચેમ્પિયન અને વર્લ્ડ ચેમ્પિયન સામે તેની પ્રથમ મેચ છે. ત્યારબાદ તે ક્રોએશિયા અને આયરલેન્ડ સામે રમશે. પેપર ઉપર નજર કરવામાં આવે તો દરેક ટીમ મજબુત દેખાઈ રહી છે. કોઈ પણ ટીમ મોટા અપસેટ સર્જી શકે છે. ઈટાલી માટે પણ સુધારાના અવકાશ દેખાઈ રહ્યા છે. ઈટાલીની ટીમ ઈટાલીની ટીમ ૧૯૩૪, ૧૯૩૮, ૧૯૮૨, ૨૦૦૬માં ચેમ્પિયન બની ચુકી છે. આ ઉપરાંત ૧૯૬૮માં યુરોપિયન ચેમ્પિયનશીપ પણ ઈટાલીએ જીતી હતી. બે સેન્ટ્રલ યુરોપિયન કપ પણ તે જીતી ચુકી છે. ઈટાલિયન ટીમના ખેલાડીઓની કુશળતા વિશ્વભરમાં જાણીતી રહી છે. ઈટાલીએ પોતાની પ્રથમ મેચ ૧૫મી મે ૧૯૧૦ના દિવસે મિલાનમાં રમી હતી. જેમાં ઈટાલીએ ફ્રાન્સ ઉપર ૬-૨થી જીત મેળવી હતી. ઈટાલી વર્લ્ડકપમાં ૧૭ વખત રમી ચુકી છે.

## સેંસેક્સની ત્રણ કંપનીઓએ ૧૪૦૪૫ કરોડની રકમ ગુમાવી

મુંબઈ,તા. ૩

શેરબજારમા ઉથલપાથલના ગાળા દરમ્યાન સેંસેક્સની ત્રણ કંપનીઓએ છેલ્લા સપ્તાહમાં ૧૪૦૪૫ કરોડની રકમ ગુમાવી દીધી છે. ઓએનજીસીને સૌથી વધુ નુકસાન થયુ છે. એનર્જીની મહાકાય કંપની ઓએનજીસીને ૯૨૪૦ કરોડનુ નુકસાન થયુ છે. સેંસેકસની ટોચની દસ કંપનીઓ પૈકી ત્રણ કંપનીઓની સંયુક્ત માર્કેટ મુડીમાં ૧૪૦૪૫ કરોડનો ઘટાડો થયો છે. જો કે સાત કંપનીઓની માર્કેટ મૂડી વધી છે. જે કંપનીઓની માર્કેટ મુડી વધી છે. તેમા ટીસીએલ, કોલ ઈન્ડિયા, આઈટીસી, ઈન્ફોસિસ, એસબીઆઈ, એનટીપીસી, ભારતી એરટેલનો સમાવેશ થાય છે. નબળા બ્રોડર માર્કેટની સ્થિતિ છતાં આ કંપનીઓએ ૧૩૧૧૪ કરોડનો લાભ મેળવ્યો છે. ૨૫ીમેથી પહેલી જૂન વચ્ચેના સપ્તાહ દરમ્યાન સેંસેક્સમા ૧.૫૫ ટકાનો ઘટાડો થયો છે. ઓએનજીસીની માર્કેટ વેલ્યુમાં ૯૨૪૦ કરોડનો ઘટાડો થયો છે. જેથી તેની માર્કેટ મૂડી ઘટીને ૨૧૦૭૨૧ કરોડ થઈ છે.



આ કંપનીના શેર સપ્તાહ દરમ્યાન ૪.૨ ટકા ઘટી ગયા છે. સપ્તાહ દરમ્યાન આરઆઈએલને પણ જંગી નુકસાન થયુ છે. આરઆઈએલની સંપત્તિમાં ૨૭૧૭ કરોડનો ઘટાડો થયો છે જેથી તેની માર્કેટ મુડી ઘટીને ૨૨૩૮૮૧ કરોડ થઈ છે. આવી જ રીતે એચડીએફસી બેંકની માર્કેટ મૂડીમાં ૨૦૮૮ કરોડનો ઘટાડો થતા તેની માર્કેટ મૂડી ૧૧૫૩૨૫ કરોડ ઘટી ગઈ છે. બીજી બાજુ સીઆઈએલને સપ્તાહ દરમ્યાન ફાયદો થયો છે. તેની માર્કેટ મૂડીમાં ૫૦૮૪ કરોડનો વધારો નોંધાયો છે. જેથી તેની સંપત્તિ ૨૦૨૯૪૪ કરોડ થઈ ગઈ છે. એનટીપીસીની માર્કેટ મૂડી પણ વધી છે. આઈટીસીની માર્કેટ મૂડીમાં ૧૬૦૩ કરોડ, એસબીઆઈની માર્કેટ મૂડીમાં ૧૪૨૩ કરોડનો વધારો થયો છે. ઈન્ફોસિસ અને ટીસીએસે પણ તેમની આવકમાં ૧૫૩૩ કરોડ ઉમેર્યા છે. ટીસીએસ ટોપ ઉપર છે.

## ફેસબુકના ફોટા અને મેસેજ તિરાડ ઊભી કરે છે : હેવાલ

મુંબઈ,તા. ૩

સોસિયલ નેટવર્કીંગ સાઈટ ફેસબુક, ટ્વીટર અને અન્ય સાઈટોના કારણે લોકોની લાઈફમાં હાલમાં ભારે ઉથલ પાથલ થઈ રહી છે. કેટલાક લોકોની લાઈફ આના લીધે બરબાદ થઈ ગઈ હોવાની માહિતી સપાટી ઉપર આવી છે. ફેસબુકના ફોટાઓ અને મેસેજો દંપતીઓ વચ્ચે તિરાડ ઉભી કરી રહ્યા છે. ભારતમાં જ નહીં બલ્કે વિદેશમાં પણ ઘણા એવા દંપતી છે જેમની પરિણીત લાઈફમાં ફેસબુક સ્ટેટસના કારણે ખળભળાટ મચેલો છે. તામિલનાડુમાં ફેસબુક ઉપર બેઝીક ઈન્ફો અપડેટ ન કરવાની સ્થિતિમાં એક શખસને તેની પત્નીએ ક્રુરતાના આરોપમાં કોર્ટમાં પડકારી દીધો છે. આ મહિલા એકલી નથી. છૂટાછેડાના મામલાઓના વકીલ નીલા ગોખલેનું કહેવું છે કે પતિની ફેસબુકની ટેવ અને ફેસબુક ઉપર માત્ર મહિલાઓને ફ્રેન્ડ બનાવાથી દુખી થયેલી મહિલાઓ હવે છૂટાછેડા મેળવવા હવે આગળ વધી રહી છે. ચેન્નાઈમાં છૂટાછેડાના કેસો લડનાર એક વકીલનું કહેવું છે કે હવે ફેસબુક પોસ્ટ અને ફોટાઓ પણ કોર્ટમાં છૂટાછેડા માટે પુરાવા તરીકે કોર્ટમાં રજૂ કરવામાં આવી રહી છે. ફ્રેન્સના પેજ ઉપર પોસ્ટ કરવામાં આવેલા ફોટાઓ આમાં મુખ્ય રીતે સામેલ છે. ચેન્નાઈમાં એક મહિલાએ પોતાના ફ્રેન્ડની સાથે કોઈ ફ્રેન્ડના ફેસબુક ઉપર પોતાના પતિના એક મહિલા સાથે વાંધાજનક ફોટાઓ નિહાળ્યા બાદ તે કોર્ટમાં પહોંચી ગઈ છે. તેનો દાવો છે કે તે હાલનો જ ફોટો છે. પતિ કોર્ટમાં આરોપોને રદિયો આપી રહ્યો છે પરંતુ મામલો છૂટાછેડા સુધી પહોંચી ગયો છે. દિલ્હીના સિનિયર એડવોકેટ સુનિલ મિત્તલનું કહેવું છે કે મિત્રો અને પતિ-પત્ની દ્વારા પોતે પોસ્ટ કરવામાં આવેલા ફોટાઓ પણ તલાક તરફ દોરી રહ્યા છે.

## પરણેતરની પ્રીત (પાના નં. ૪ નું ચાલુ)

સંધ્યાના મમ્મીએ બધાને ચા આપી. મકાન માલીક ખુરશીમાં બેસતાં બોલ્યાં, 'જમનાદાસ હવે મકાન વેચાવાની તૈયારીમાં છે. એટલે આવતીકાલ સાંજ સુધીમાં ખાલી કરી દેજો.'

મકાન માલીકના શબ્દો જમનાદાસના હૃદયમાં
કાચની કણીકા જેમ ખૂંચવા લાગ્યા.

સંધ્યાએ શેઠનાં સામે જોઈ કહ્યું, 'શેઠ, એકાદ માસ અમને વધારે રહેવા દો તો સારું!'

'અરે દીકરી, એક માસ નહિ પણ એક દિવસ પણ તમને રહેવા દેવાય નહીં! પાંચ પાંચ માસના ભાડાં ચઢેલા તેમ છતાં તમારા પર રહેમ દૃષ્ટિ રાખીને વળી પાછા એક માસની મહેતલ લંબાવવાની વાત કરો છો?' તમારા જેવાની તો દયા પણ ખવાય નહી' મકાન માલિકે કડકાઈથી કહી દીધું.

આમ વાદવિવાદ ચાલતો હતો એજ સમયે દેવાએ મકાનમાં પ્રવેશ કર્યો. આથી જમનાદાસના દેહમાં જીવનો સંચાર થયો ને હિંમતમાં આવી ગયા ને બોલી ઊઠ્યા. 'આવો દેવાભાઈ.'

બધા માણસોને ભેગા થયેલા જોઈ દેવાએ પૂછ્યું, 'શું ચર્ચા ચાલે છે?'

સંધ્યાના પપ્પાએ ઉત્તર આપતા કહ્યું, 'દેવાભાઈ, મકાન માલિક મકાન ખાલી કરવાની સૂચના આપવા આવ્યા છે.'

પછી સંધ્યાના મમ્મીએ કહ્યું, 'શેઠ કહે છે આવતી કાલ સાંજ સુધીમાં મકાન ખાલી કરીને જતા રહેજો!'

પછી દેવાએ મકાન માલિક સામે જોતા કહ્યું, 'શેઠ, તમે મકાનની કિંમત કેટલા રૂપિય મુકી છે?'

શેઠે કહ્યું, 'પાંચ લાખ.'

આ પાંચ લાખમાં કાંઈ ઓછી કિંમત થઈ શકે તો સારું.

'અરે ભાઈ, જમનાદાસ તો જૂના ભાડુઆત છે એટલે તેમને પાંચ લાખ રૂપિયામાં વેચવાનું છે. જુઓ મારી સાથે આ ઘરાક આવ્યા છે તે આઠ લાખ રૂપિયામાં ખરીદવા તૈયાર છે.' શેઠે કહ્યું.

'ઠીક સારું તમારે તમારા જૂના ભાડુઆતને પણ પાંચ લાખ રૂપિયામાં જ મકાન વેચવાનું છે ને?' દેવાએ કહ્યું.

'હા, એમાં કોઈ બાંધછોડ થઈ શકે એમ નથી?'

'સારું, પછી દેવાએ થેલામાંથી રૂપિયાનાં બંડલ આપતા કહ્યું, - લો શેઠ, આ પાંચ લાખ રૂપિયા!'

'અરે દેવાભાઈ આ તમે શું કર્યું' નવાઈ પામતા સંધ્યાના બાપુ બોલ્યા.

શેઠે હરખાતાં હરખાતાં પાંચ લાખ રૂપિયા લીધા અને જમદાનાસની આર્થિક પરિસ્થિતિ જોતા તેમના પર દયાખાતા આનંદમાં આવી કહ્યું, 'જમનાદાસ લો આ એક લાખ રૂપિયા તમારા ઓછા લવછું?'

જમનાદાસ અને જમના એક લાખ રૂપિયા શેઠના હાથમાંથી લેતા હર્ષાશ્રુ સારતાં તેમનાં પગમાં પડ્યા. તેમના મોઢે ડૂમો ભરાઈ ગયોને આનંદના આંસુ સારવા લાગ્યા.

સંધ્યા અને દેવો પણ આશ્ચર્યચકિત થઈ શેઠની લાગણીને જોઈ રહ્યાં.

સૌએ ચા-પાણી પીધાને પછી દેવાએ કહ્યું, 'શેઠ, ચાલો આપણે મામલતદાર ઓફિસે દસ્તાવેજ કરાવી લઈએ.'

હા... હા... ચાલો એમ બોલતા શેઠ ઊભા થયા.

મકાનનો દસ્તાવેજ કરવા જતાં સંધ્યાના મા-બાપનાં પગમાં જૉમ આવી ગયું ને જોતજોતામાં હરખાતાં હરખાતાં મામલદતદાર ઓફિસે પહોંચી ગયા.

(ક્રમશઃ)

## ફ્રેન્ચ ઓપન : રાફેલ નદાલ જીત મેળવી અંતિમ ૧૬માં

પેરિસ,તા.૩

ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં સ્પેનના શક્તિશાળી ખેલાડી રાફેલ નદાલે તેના હરીફ ખેલાડી આર્જેન્ટિનાના ઈડુ આર્ડો પર સીધા સેટોમાં ૬-૧, ૬-૩, ૬-૪થી જીત મેળવીને અંતિમ ૧૬માં પ્રવેશ કરવામાં સફળતા મેળવી લીધી છે. નદાલે એક પણ સેટ ગુમાવ્યા વગર અંતિમ ૧૬માં પ્રવેશ કરીને પોતાના હરીફ ખેલાડીને ચેતવણી આપી દીધી છે. નદાલ સાતમી વખત ફ્રેન્ચ ઓપન ચેમ્પિયનશીપ જીતવા મક્કમ ઈરાદા સાથે મેદાનમાં ઉતર્યો છે. બીજા ક્રમાંકિત ખેલાડી નદાલે રોલેન્ડ ગેરોસ ખાતે તેના પ્રથમ બે રાઉન્ડમાં માત્ર નવ ગેમ ગુમાવી હતી. આર્જેન્ટિનાના ખેલાડીએ નદાલ સામે ક્યારેય પણ મેચમાં તકલીફ ઊભી કરી ન હતી. ઈડુઆર્ડો મૂળભૂત રીતે ડબલ્સમાં સ્પેશિયાલિસ્ટ ખેલાડી છે. સિંગલ્સમાં તે ૧૯૨માં રેન્કીંગનો ખેલાડી છે. નદાલ ૧૧મી ગ્લાન્ડસ્લેમ જીતવા આશાવાદી બનેલો છે. બે કલાક અને ૧૬ મિનિટ સુધી ચાલેલી આ મેચ નદાલે સરળતાથી જીતી હતી. હવે તે ૧૩માં ક્રમાંકિત ખેલાડી જુવાન મોનાકો સામે ટકરાશે. મોનાકોએ કેનેડીયન ખેલાડી મિલોસ રાવનીક ઉપર જીત મેળવી હતી. દરમિયાનમાં ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં મહિલા વર્ગમાં વોઝનીયાકી હારી જતા મોટો અપસેટ સર્જાયો છે. ત્રીજા રાઉન્ડમાં તેની ઈસ્ટોનીયાની કાનેપી સામે ૬-૧, ૬-૭, ૬-૩થી હાર થઈ હતી. આ મેચ દરમિયાન ભૂતપૂર્વ ટોચની ખેલાડીએ અનેક વખત લાઈન કોલ માટે દલીલ કરી હતી. તે મેચ દરમિયાન ખૂબ જ હતાશ નજરે પડી હતી. ચેર એમ્પાયે સ્પેનની પોન્ચો સાથે દલીલો કરી હતી.